# અપકારનો બદલો

– કલ્પેશભાઈ જી. ગામીત

એક હતો રાજા. તે એકવાર શિકાર કરવા માટે નીકળ્યો હતો. બહુ વાર સુધી કોઈ શિકાર હાથ લાગ્યો નહિ. નિરાશ થઈને તે જંગલમાં ફરવા લાગ્યો. ત્યારે રાજાએ એક હરણ જોયું. હરણનો શિકાર કરવા રાજા તેની પાછળ દોડવા લાગ્યો. પોતાનો જીવ બચાવીને હરણ ઘણી વાર સુધી દોડતું રહ્યું. છેલ્લે તેને દ્રાક્ષનાં વેલાઓ દેખાયાં. હરણ જીવ બચાવવા ઘણીવાર સુધી તેમાં છુપાઈ ગયું. પછી તેને જ્યારે એવું લાગ્યું કે હવે આજુબાજુ કોઈ નથી ત્યારે તે આરામથી દ્રાક્ષના વેલા ચરવા લાગ્યું. રાજા હરણની પાછળ ત્યાં જ ફરી રહ્યો હતો. તેણે જેવું હરણને વેલા ચરતું જોયું કે તરત તેણે તેનો શિકાર કરી લીધો. હરણનો જીવ જઈ રહ્યો હતો ત્યારે રાજા તેને જોઈ રહ્યો હતો. રાજાને એવું લાગતું હતુ કે પેલું હરણ તેને કશું કહી રહ્યું છે. રાજાથી મરતા હરણની દશા જોવાઈ નહિ. તે અસ્વસ્થ થઈ ગયો અને પાછો રાજમહેલમાં આવી ગયો.



રાજાને આખી રાત ઊંઘ ન આવી. તે વિચારતો રહ્યો કે તેને એવું કેમ લાગતું હતું કે હરણ મરતી વખતે તેને કશું કહી રહ્યું હતું ? બીજા દિવસે દરબાર ભરાયેલો હતો ત્યારે રાજાએ આ હરણવાળી વાત

દરબારીઓને કહી અને પ્રશ્ન પૂછ્યો, કેમ, આમ કેમ ? એક વિદ્વાન મંત્રીએ કહ્યું, મહારાજ, તમે જે હરણના હાવભાવની વાત કરી રહ્યા છો તેના પરથી મને એવું લાગે છે કે હરણ આપને કહેતું હશે કે જે આશ્રય આપનારને પણ છોડતો નથી તેની હાલત મારા જેવી થાય છે. એટલે ક્યારેય કોઈ વ્યક્તિનો આપણા ઉપરનો ઉપકાર ભૂલવો ન જોઈએ. મંત્રીએ વાત વિસ્તારથી સમજાવી. હે રાજા, દ્રાક્ષના વેલાએ હરણને આશ્રય આપ્યો હતો; પરંતુ હરણ જ્યારે પોતે અભય છે એમ સમજીને એ દ્રાક્ષના વેલાને જ ચરવા લાગ્યું ત્યારે તેણે પોતાનો જીવ ગુમાવવો પડયો.

■